# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૯ તા.૦૧-૦૬-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે 'બ્રિજકોર્સ-કલાસરેડીનેશઃ જ્ઞાનસેતુ' કાર્યક્રમ બાબત.
સંદર્ભ :- એસ.એસ.એ./કયુઈસેલ/૨૦૨૧/૧૭૪૩૭-૧૭૫૪૦ તા.૦૧-૦૬-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ગત વર્ષે કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓને હોમલર્નિંગ અંતર્ગત અધ્યયન કાર્ય કરાવવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર શિક્ષા અને જીસીઈઆરટી દ્વારા દૂરદર્શન કેન્દ્ર, ડીડી ગીરનાર, બાયસેગની વંદે ગુજરાત ચેનલ, યુ ટયુબ, વોટસએપ, જીવીએસ તેમજ ઘરે શીખીએ સાહિત્ય વગેરે માધ્યમથી હોમ લર્નિંગ કાર્યક્રમ ચલાવવામાં આવેલ હતો. ચાલુ વર્ષે તા.૧૦ જુન-૨૦૨૧ થી એક માસ સુધી ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે 'બ્રિજકોર્સ-કલાસરેડીનેશઃ જ્ઞાનસેતુ' કાર્યક્રમનું આયોજન કરેલ છે.

હોમ લર્નિંગ અંતર્ગત 'બ્રિજકોર્સ-કલાસરેડીનેશઃ જ્ઞાનસેતુ' કાર્યક્રમ દ્વારા જ્ઞાનસેતુ સાહિત્યનું દીક્ષા પ્લેટ ફોર્મ અને સમગ્ર શિક્ષા ગાંધીનગરની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે અને આ અંગેની લીંક ગત વર્ષે વોટસઅપના માધ્યમથી જે રીતે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવતી હતી તે રીતે વોટસઅપના માધ્યમથી પહોચાડવા માટે પરિપત્ર નં.૧૮ તા.૨૪-૦૫-૨૦૨૧ થી જણાવેલ હતું.

'બ્રિજકોર્સ-કલાસરેડીનેશઃ જ્ઞાનસેતુ' કાર્યક્રમ સંબંધીત તૈયાર કરવામાં આવેલ સાહિત્યનો ઉપયોગ કેવી રીતે કરવો તેમજ વિદ્યાર્થીઓને કઈ રીતે માર્ગદર્શન આપવું તે માટે શિક્ષકશ્રીઓ, સી.આર.સી.કો.ઓ., યુ.આર.સી.કો.ઓ. અને અન્ય સંબંધિતો માટે તા.૦૭-૦૮-૦૯ જૂન-૨૦૨૧ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમ્યાન બાયસેગના માધ્યમથી તેમજ માઈક્રોસોફટ ટીમ, યુ-ટયુબ લાઈવથી તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. તા.૦૭-૦૬-૨૦૨૧ ધો.૧ થી ૫ના શિક્ષકો માટે અને તા.૦૮-૦૬-૨૦૨૧ ના રોજ ધો.૬ થી ૮ના શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ કાર્યક્રમ દરમ્યાન માનનીય શિક્ષણ મંત્રીશ્રી, માન. રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી, માન.સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ તેમજ શિક્ષણ વિભાગના ખાતાના વડાઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.સદરહુ બાબતે તમામ શિક્ષકોએ આ તાલીમમાં ફરજિયાત જોડાવવાનું રહશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૧-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

૨૭૪૩૭-૨૭૫૭૦

પી. ભારતી, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશનર, પ્રાથમિક શિક્ષણ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

નં. સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૨૦૨૧/
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર–૧૭, ગાંધીનગર
તા. ૦૯.૦૬.૨૦૨૧
ફોન નંબરઃ (૦૭૯) ૨૯૬૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com

પ્રતિ

| | |
|---|---|
| પ્રાચાર્યશ્રી<br>જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,<br>જિ.તમામ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી<br>જિલ્લા. તમામ |
| જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,<br>જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,<br>જિ. તમામ | એડી. જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને<br>શાસનાધિકારીશ્રી,<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,<br>જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા |

**વિષય : ધોરણ–૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે "બ્રિજકોર્સ–કલાસરેડીનેશઃ જ્ઞાનસેતુ" કાર્યક્રમ બાબત.**
**સંદર્ભ : અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ એસએસએ/કયુ.ઈ.સેલ/૧/૨૦૨૧/૧૬૫૭૭–૬૭૩ તા.૨૪.૫.૨૦૨૧**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૭ જુન, ૨૦૨૧ થી નવું શૈક્ષણિક સત્ર ચાલુ થનાર છે. રાજય સરકાર ધ્વારા આ નવા શૈક્ષણિક સત્રમાં શરૂઆતના એક માસ દરમ્યાન આગલા ધોરણના લર્નિંગ આઉટકમના પુનરાવર્તન સ્વરૂપે ધોરણ–૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે "બ્રિજકોર્સ–કલાસરેડીનેશઃ જ્ઞાનસેતુ" કાર્યક્રમ ચલાવવાનું નકકી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ સબંધિત તમામ માહિતી સંદર્ભદર્શિત પત્રમાં અગાઉ આપને જણાવવામાં આવેલ છે. આ જ્ઞાનસેતુ મટિરિયલ્સ આપને તા.૭.૬.૨૦૨૧ સુધીમાં પાઠય પુસ્તક મંડળ ધ્વારા તાલુકા કક્ષા સુધી પહોંચતું કરવામાં આવશે. આ સાહિત્ય આપની જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, કેજીબીવી, મોડલ સ્કુલ/મોડલ ડે સ્કુલ તેમજ આશ્રમ શાળાઓના વિદ્યાર્થીઓને તા.૧૦ જુન, ૨૦૨૧ સુધીમાં પહોંચાડવા વિનંતી. આ સાહિત્ય સમગ્ર શિક્ષાની વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે. તા.૧૦ જુન, ૨૦૨૧ થી એક માસ સુધી "બ્રિજકોર્સ–રેડીનેશઃ જ્ઞાનસેતુ" કાર્યક્રમ દુરદર્શન કેન્દ્ર, ડીડી ગિરનાર ચેનલ મારફત પ્રસારિત કરવામાં આવશે. બાયસેગની વંદે ગુજરાત ચેનલ પરથી પણ પ્રસારીત કરવામાં આવશે. તેમજ સગમ્ર શિક્ષાની વેબસાઈટ તેમજ દિક્ષા પ્લેટફોર્મ પર પણ અપલોડ કરવામાં આવશે.

"બ્રિજકોર્સ–કલાસરેડીનેશઃ જ્ઞાનસેતુ" કાર્યક્રમ સબંધિત તૈયાર કરવામાં આવેલ ઉકત સાહિત્યનો કેવી રીતે ઉપયોગ કરવો તેમજ વિદ્યાર્થીઓને કઈ રીતે માર્ગદર્શન આપવું તે માટે શિક્ષકશ્રીઓ, સીઆરસી કો–ઓર્ડિનેટરશ્રી, બીઆરસી કો–ઓર્ડિનેટરશ્રી અને અન્ય સબંધિતો માટે આગામી તા.૭, ૮, ૯ જુન–૨૦૨૧ સવારે ૮ થી ૧૨ કલાક દરમ્યાન બાયસેગના માધ્યમથી તેમજ માઈક્રોસોફટ ટીમ, યુ–ટયુબ લાઈવથી તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. તા.૭ જુન, ૨૦૨૧ ધોરણ–૧ થી ૫ ના શિક્ષકો માટે, તા.૮ જુન, ૨૦૨૧ ધોરણ–૬ થી ૮ ના શિક્ષકો માટે તેમજ તા.૯ જુન, ૨૦૨૧ ધોરણ–૯ અને ૧૦ ના શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ કાર્યક્રમ દરમ્યાન માનનીય શિક્ષણમંત્રીશ્રી, માનનીય રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી, માનનીય સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ તેમજ શિક્ષણ વિભાગના ખાતાના વડાઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

ઉકત વિગતો ધ્યાને લઈ તમામ સબંધિતોને ફરજિયાત આ તાલીમમાં જોડાવવા આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી.

(પી. ભારતી)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

– માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– ચેરમેનશ્રી, ગુ. મા. અને ઉચ્ચત્તર મા. શિક્ષણ બોડ, ગાંધીનગર
– નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર

D:\D\Home Learning 2021-22\Brijcource-Classredines Gyansetu.docx